ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32 આજની મેચો

મેક્સિકો vs ઇક્વાડોર : સવારે 6.30 વાગ્યે | ઇંગ્લેન્ડ vs કોંગો : રાત્રે 9.30 વાગ્યે | બેલ્જિયમ vs સેનેગલ : રાત્રે 1.30 વાગ્યે | અમેરિકા vs બોસ્નિયા : મળસ્કે 5.30 વાગ્યે

પરાગ્વેએ જર્મનીને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યું

નિર્ધારિત સમયમાં સ્કોર 1-1થી બરાબરી પર રહ્યા પછી પેનલ્ટી શૂટઆઉટમાં પરાગ્વે 4-3થી જીત્યું

પરાગ્વેના ગોલકીપર ઓર્લાન્ડો ગીલે પેનલ્ટી શૂટઆઉટમાં બે ચાવીરૂપ ગોલ બચાવી ટીમને જીતાડી

ફોક્સબોરો, તા. 30 (એપી) : ફિફા વર્લ્ડકપમાં સોમવારે રાત્રે અહીં રમાયેરી રાઉન્ડ ઓફ 32ની એક મેચમાં જોસ કેનાલેસની સડન-ડેથ પેનલ્ટી કિક પર ગોલ અને ઓર્લાન્ડો ગિલે શૂટઆઉટમાં કરેલા બે મહત્વપૂર્ણ બચાવના કારણે પેરાગ્વેએ પેનલ્ટી શૂટઆઉટમાં જર્મનીને 4-3થી હરાવીને ચાલુ વર્લ્ડકપ ફૂટબોલ ટુર્નામેન્ટનો સૌથી મોટો અપસેટ કર્યો હતો.

રાઉન્ડ ઓફ ૩૨ મેચમાં 42મી મિનિટે જુલિયો એન્સીસોના હેડર દ્વારા પેરાગ્વેએ સરસાઇ મેળવી, પરંતુ કાઈ હાવર્ટ્ઝે 52મી મિનિટે ચાર વખતના ચેમ્પિયન જર્મની માટે બરાબરીનો ગોલ કર્યો હતો. તે પછી વધારાના સમય સાછે મેચ 1-1 પર સમાપ્ત થઈ હતી. જર્મનીને પેનલ્ટી શૂટઆઉટ જીતવા માટે ફેવરિટ માનવામાં આવતું હતું, કારણ કે તેણે મુખ્ય સ્પર્ધાઓમાં સાત પેનલ્ટી શૂટઆઉટમાંથી છ જીત મેળવી હતી. 1976ની યુરોપિયન ચેમ્પિયનશિપ ફાઇનલમાં તત્કાલીન ચેકોસ્લોવાકિયા સામે હાર્યા બાદ તેઓએ સતત છ પેનલ્ટી શૂટઆઉટ જીત્યા હતા. ફિફા રેન્કિંગમાં 34મા ક્રમે રહેલા પેરાગ્વેની જીત પર બહુ ઓછો દાવ લાગ્યો હતો, પરંતુ તેણે 12મા ક્રમે રહેલા જર્મનીને હરાવીને વિશ્વભરના ફૂટબોલ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા. પેરાગ્વે હવે શનિવારે ફિલાડેલ્ફિયામાં રાઉન્ડ ઓફ 16માં ફ્રાન્સ અને સ્વીડન વચ્ચે મંગળવારના મેચના વિજેતા સામે ટકરાશે.

ગિલે પાછળથી પોતાની જીતનું રહસ્ય જાહેર કરતાં કહ્યું કે અમે દરેક ખેલાડી અને દરેક નાની વિગતોનું વિશ્લેષણ કર્યું, અને તેથી જ હું ફક્ત બે પેનલ્ટી ચૂકી શક્યો. આ વિજય પેરાગ્વેના લોકોને સમર્પિત છે. બંને ટીમો વચ્ચે અગાઉ ફક્ત 2002માં એક જ વર્લ્ડકપ મેચ રમાઈ હતી, ત્યારે રાઉન્ડ ઓફ 16માં પેરાગ્વેને 1-0થી હરાવ્યું હતું. આ રીતે પેરાગ્વેએ 24 વર્ષ પછી પોતાની હારનો બદલો લીધો. 2014ના વર્લ્ડકપ ફાઇનલ પછી આ જર્મનીની પહેલી નોકઆઉટ મેચ હતી. 2014માં જર્મનીએ આર્જેન્ટિનાને 1-0થી હરાવીને પોતાનો ચોથો વર્લ્ડકપ ટાઇટલ જીત્યો હતો. અગાઉના બે વર્લ્ડકપમાં જર્મની ગ્રુપ સ્ટેજથી આગળ વધવામાં નિષ્ફળ રહ્યું હતું. પેરાગ્વે અગાઉ પાંચ વખત વર્લ્ડકપના નોકઆઉટ તબક્કામાં હાજર રહ્યું હતું, પરંતુ એક પણ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. તેઓ ફક્ત એક જ વાર 2010 વર્લ્ડ કપમાં છેલ્લા 16માં પેનલ્ટી શૂટઆઉટ દ્વારા જાપાનને હરાવીને આગળ વધ્યા હતા.

શું જર્મન ટીમ સાથે છેતરપીંડી થઇ, રેફરીએ નિર્ણાયક ગોલને ફાઉલ ગણાવતા જર્મની હાર્યુ

ચાર વખતના ચેમ્પિયન જર્મનીનો ફિફા વર્લ્ડ કપ 2026 ના રાઉન્ડ ઓફ 32 માં પેનલ્ટી શૂટઆઉટમાં પેરાગ્વે સામે પરાજય થતાં ફૂટબોલ જગત હચમચી ઉઠ્યું છે. આ ઐતિહાસિક અપસેટ કરતાં પણ વધુ, જર્મનીની જીત છીનવી લેનાર વિવાદાસ્પદ VAR નિર્ણયની ચર્ચા થઈ રહી છે. આ મેચમાં વધારાના સમયમાં ૧૦૧મી મિનિટે, જર્મનીના જોનાથન તાહે કોર્નર કિક પર શાનદાર હેડરથી ગોલ કર્યો અને જર્મન છાવણીમાં ખુશાલીની લહેર દોડી ગઇ પરંતુ તે પછી મોરોક્કન ઓન-ફિલ્ડ રેફરી જલાલ ઝાયેદને VAR રૂમમાંથી રિવ્યુ સિગ્નલ મળ્યો. રિપ્લેમાં દર્શાવવામાં આવ્યું હતું કે ગોલ સમયે જર્મન ડિફેન્ડર વાલ્ડેમાર એન્ટોન પેરાગ્વેના ગોલકીપર ઓર્લાન્ડો ગિલ સાથે અથડાયો હતો. લાંબી સમીક્ષા પછી, રેફરીએ ગોલ નામંજૂર કર્યો, જેનાથી જર્મન ચાહકો અને ખેલાડીઓ સ્તબ્ધ થઈ ગયા.

જાપાન સામે છેલ્લી ઘડીએ માર્ટિનેલીના ગોલથી જીતીને બ્રાઝિલ પ્રિ ક્વાર્ટરમાં

મેચ જ્યારે 1-1ની બરોબરી પર વધારાના સમયમાં જવાની હતી ત્યારે અંતિમ પળોમાં માર્ટેનલીએ ગોલ કરી બ્રાઝિલની જીત પાકી કરી

હ્યુસ્ટન, તા. 30 (એપી) : ફિફા વર્લ્ડકપની રાઉન્ડ ઓફ 32ની એક મેચ જ્યારે વધારાના સમયમાં જશે તેવું નિશ્ચિત લાગતું હતું, ત્યારે ગેબ્રિયલ માર્ટિનેલીએ ઈન્જરી ટાઈમની અંતિમ ક્ષણોમાં વિજયી ગોલ કરીને પાંચ વખતના ચેમ્પિયન બ્રાઝિલને જાપાન પર 2-1થી રોમાંચક વિજય અપાવીને તેને રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કરાવ્યો હતો.

બીજા હાફમાં અવેજી ખેલાડી તરીકે મેદાનમાં ઉતરેલા માર્ટિનેલીએ અંતિમ વ્હિસલ વાગવાની થોડીક સેકન્ડ પહેલા, સ્ટોપેજ ટાઈમની છઠ્ઠી મિનિટમાં ગોલ કર્યો. જાપાને પહેલા હાફમાં ગોલ કરીને બ્રાઝિલને સ્તબ્ધ કરી દીધું હતું, જો કે બીજા હાફમાં બ્રાઝિલે બે ગોલ કરીને મેચ જીતી હતી.

મેચની શરૂઆત પછી કૈશુ સાનોએ 29મી મિનિટે મિડફિલ્ડમાં ખોવાયેલા બ્રાઝિલિયન પાસનો ફાયદો ઉઠાવી બોલને નિયંત્રિત કરીને કુશળતાપૂર્વક આગળ લઈ જઈને પછી હાફ-સર્કલની ટોચ પરથી જમણા પગે શોટ મારીને જાપાનને સરસાઈ અપાવી હતી. તે પછી પહેલો હાફ પુરો થવા સુધી તેણે સરસાઈ જાળવી રાખી હતી. બીજા હાફમાં 56મી મિનિટે ગેબ્રિયલ મેગાલ્હેઇસના પાસ પર કાસેમીરોએ હેડર વડે બ્રાઝિલ માટે બરાબરીનો ગોલ કર્યો. વર્તમાન ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં ચાર ગોલ કરી ચૂકેલા વિનિસિયસ જુનિયર પાસે 58મી મિનિટે બ્રાઝિલને લીડ અપાવવાની તક હતી પરંતુ ડાબા બોક્સમાંથી તેનો શોટ સુઝુકીને વાગ્યો અને પોસ્ટની બહાર ગયો. બીજા હાફના સ્ટોપેજ ટાઈમની પહેલી મિનિટમાં પગમાં ઈજાને કારણે કાસેમીરોને મેદાનની બહાર જવાની ફરજ પડી હતી.

એશિયન ગેમ્સ માટે મહિલા ટીમની કેપ્ટન તરીકે હરમનપ્રીત યથાવત

ભારતીય ટીમમાં એકમાત્ર ફેરફાર તરીકે યાસ્તિકા ભાટિયાને બહાર મૂકી તેના સ્થાને જી કમાલિનીને સમાવાઇ

નવી દિલ્હી, તા. 30 : મહિલા ટી-20 વર્લ્ડકપમાંથી ટીમની વહેલી વિદાય છતાં આ વર્ષે જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે 15 સભ્યોની ભારતીય ટીમની કેપ્ટન તરીકે હરમનપ્રીત કૌરને યથાવત રાખવામાં આવી છે. મોટેભાગે અપેક્ષિત ખેલાડીઓ ધરાવતી આ ટીમની જાહેરાત મંગળવારે કરવામાં આવી હતી. એશિયન ગેમ્સ આ વર્ષે 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાશે. ભારતીય ટીમ 2023માં ચીનના હાંગઝોઉ ખાતે યોજાયેલી અગાઉની એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી ચુકી છે, તેથી તેઓ વર્તમાન ચેમ્પિયન તરીકે આ ટૂર્નામેન્ટમાં ઉતરશે. સ્મૃતિ મંધાના ટીમની વાઇસ-કેપ્ટન તરીકે યથાવત છે. વિકેટકીપર-બેટર યાસ્તિકા ભાટિયા એકમાત્ર એવી ખેલાડી છે જેને ટીમમાંથી બહાર કરવામાં આવી છે. તેના સ્થાને જી. કમાલિનીને ટીમમાં સામેલ કરવામાં આવી છે.

૨૦૨૬ એશિયન ગેમ્સ માટે ભારતની મહિલા ટીમ

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કેપ્ટન), શેફાલી વર્મા, જેમિમા રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, ઋચા ઘોષ (વિકેટકીપર), જી. કમાલિની (વિકેટકીપર), ભારતી ફૂલમણી, શ્રી ચારણી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, અરુંધતી રેડ્ડી, શ્રેયંકા પાટિલ, રાધા યાદવ, નંદની શર્મા.

મોરોક્કોએ પેનલ્ટી શૂટઆઉટમાં હરાવી નેધરલેન્ડ્સને બહાર ફેંક્યું

પેનલ્ટી શૂટઆઉટમાં ચાર રાઉન્ડ પછી સ્કોર 2-2થી બરાબરી પર રહ્યા પછી ક્રેસેન્સિયોનો શોટ અટકાવાયો અને સાબરીએ ગોલ કરતાં મોરોક્કો જીત્યું

ગુઆડાલુપે, તા. 30 (એપી) : ફિફા વર્લ્ડકપમાં સોમવારથી મંગળવારની રાત દરમિયાન રમાયેલી ત્રણ મેચમાં જોરદાર રસાકસી જોવા મળી હતી અને આવી જ એક રાઉન્ડ ઓફ 32ની મેચમાં ઇસ્માઇલ સબરીએ પેનલ્ટી શૂટઆઉટમાં નિર્ણાયક ગોલ કરતા મોરોક્કોએ નેધરલેન્ડ્સને 3-2થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ મેળવ્યો હતો. આ પહેલા, નિર્ધારિત અને વધારાના સમય સુધી બંને ટીમો 1-1થી બરાબરી પર રહી હતી.

ચાર રાઉન્ડ પછી પેનલ્ટી શૂટઆઉટ પણ 2-2 થી બરાબરી પર હતું. મોરોક્કોના ગોલકીપર યાસીન બોનોઉએ ક્રેસેન્સિયો સમરવિલેના શોટને તેના ડાબા હાથથી રોક્યો. ત્યારબાદ મોરોક્કો વતી સબરીએ નીચેના ડાબા ખૂણામાં વિજયી ગોલ કર્યો. નેધરલેન્ડ્સ છેલ્લા 11 વર્લ્ડકપમાં ઓછામાં ઓછા અંતિમ 16માં પહોંચ્યું છે, જેમાં ચાર વર્ષ પહેલાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચવાનો પણ સમાવેશ થાય છે. ત્યારે મોરોક્કો સેમિફાઇનલમાં પહોંચ્યું હતું.

મેચના નિર્ધારિત સમય દરમિયાન 72મી મિનિટે નેધરલેન્ડ્સ માટે સોમરવિલેની મદદથી કોડી ગાકપોએ ગોલ કર્યો. ગાકપો અને તેની ગર્લફ્રેન્ડ, નોઆ વાન ડેર બિજે તાજેતરમાં જ ગર્ભાશયમાં તેમના અજાત બાળકના મૃત્યુની જાહેરાત કરી હતી. તે પછી બીજા હાફના ઈન્જરી ટાઈમમાં 91મી મિનિટે મોરોક્કોના ઈસા ડિઓપે કેમ્સડાઈન તાલ્બીના લાંબા ક્રોસથી હેડર વડે ગોલ કરીને બરાબરી કરી. તે પછી 30 મિનિટના વધારાના સમયમાં બંને ટીમોને ગોલ કરવાની કોઈ નોંધપાત્ર તક મળી ન હતી. પેરાગ્વેએ જર્મનીને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યા બાદ, ટુર્નામેન્ટની આ બીજી મેચ હતી જેનો નિર્ણય પેનલ્ટી શૂટઆઉટ દ્વારા લેવામાં આવ્યો હતો.

વિમ્બલડન : સબાલેન્કાની સરળ જીત, જોકોવિચ સંઘર્ષ કર્યો

મહિલા સિંગલ્સમાં સ્વિટેક, એનિસિમોવા, પ્લિસકોવા, સકારી, કેનિન સહિતની ખેલાડી પહેલો રાઉન્ડ જીતી

પુરુષ સિંગલ્સમાં બેન શેલ્ટન પહેલા રાઉન્ડમાં હારીને બહાર એલેક્સ ડિ મિનૌર, ડેનિલ મેદવેદેવની આગેકૂચ

લંડન, તા. 30 : ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે ગ્રાસ કોર્ટ ગ્રાન્ડસ્લેમ વિમ્બલડનમાં પોતાના 25માં વિક્રમી ગ્રાન્ડસ્લેમ ટાઇટલની શોધમાં આવેલા સર્બિયન સ્ટાર નોવાક જોકોવિચે ચીનના વુ યિબિંગને હરાવવા માટે ચાર સેટનો સંઘર્ષ કરવો પડ્યો હતો, તો બીજી તરફ ચોથો ક્રમાંકિત બેન શેલ્ટન ફિનલેન્ડના ઓટ્ટો વિર્ટાનેએ પાંચ સેટની લડત લડીને હરાવી અપસેટ કર્યો હતો. આ તરફ મહિલા સિંગલ્સમાં ચારવારની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન આર્યના સબાલેન્કાએ સર્બિયન પ્રતિસ્પર્ધી ટીઓડોરા કોસ્ટોવિકને સરળતાથી 6-2, 6-3 થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન મીરા એન્ડ્રીવાએ પહેલા રાઉન્ડમાં 59મી ક્રમાંકિત પોલ મેગ્ડા લિનેટને 7-5, 6-4થી હરાવી હતી. જ્યારે ઈગા સ્વિયાટેકે ટેલર ટાઉનસેન્ડને 6-1, 2-6, 6-2થી હરાવી હતી. આ ઉપરાંત મહિલા સિંગલ્સમાં મારીયા સકારી. સોફિયા કેનિન, કેરોલિના પ્લીસકોવા, મેડિસન કિઝ, જેસ્મિન પાઓલિની, એમાન્ડા એનિસિમોવાએ પહેલો રાઉન્ડ જીતીને આગેકૂચ કરી હતી જ્યારે પુરુષ સિંગલ્સમાં ચોથા ક્રમાંકિત બેન શેલ્ટનને ફિનલેન્ડના બિનક્રમાંકિત ઓટ્ટો વિર્ટાનેને પાંચ સેટની રોમાંચક લડાઈમાં 6-4, 3-6, 6-7, 6-2, 7-6થી હરાવી અપસેટ કર્યો હતો. ટેલર ફ્રિટ્ઝે ડુસાન લાજોવિકને 6-3, 6-4, 6-3 થી હરાવીને બીજા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું. જ્યારે એલેક્સ ડિ મિનૌર, ડેનિલ મેદવેદેવે પહેલા રાઉન્ડનો અવરોધ પાર કરી લીધો હતો.

ક્રુડોક્રુ - 'ક્રુતિ' ૬૫૬૪

			૧	૯	૬			
૨		૧				૫		
	૪	૬		૮			૧	૩
	૭	૫	૮	૧	૩	૯		૨
	૧	૪		૨	૯		૮	
૮	૨		૬			૩		
૭	૯		૫			૮	૩	
૪	૫		૯	૩	૨			૭
૧	૬		૪		૮			૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૫	૨	૭	૭	૧	૬	૬	૬
૭	૬	૬	૨	૬	૩	૭	૨	૭
૧	૬	૭	૬	૧	૭	૩	૬	૩
૧	૧	૩	૬	૬	૫	૫	૨	૬
૬	૭	૧	૩	૨	૭	૧	૭	૫
૫	૧	૭	૫	૧	૭	૭	૬	૭
૭	૧	૫	૭	૭	૬	૭	૬	૭
૭	૭	૬	૭	૭	૭	૭	૭	૭
૭	૭	૭	૭	૭	૭	૭	૭	૭

૧૬૩૬ - ૭૬૬૬ ૫૬૬૬૬૬૬૬

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેટમાં કૃમિ

રોજ સવારે ખાલી પેટે ચાર કળી લસણની વાટી, ગોળ સાથે ભેળવી ઢુંફાળા પાણીમાં ગળી જવું અથવા ગાર્લિક પર્લ બે ગળી જવી.

શબ્દગુંફન - ૭૨૩૧

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. એક અટક (૫)
૪. ઉદાસ, ખિન્ન (૪)
૬. નદી, સરિતા (૩)
૭. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૯. અક્કલ (૨)
૧૧. મોટું (૨)
૧૨. રાત્રિ (૨)
૧૩. ઉમર (૨)
૧૪. ટેવ, વ્યસન (૨)
૧૫. રોજગાર (૨)
૧૬. શરીર, દેહ (૨)
૧૭. ક્રોધ (૨)
૧૯. પહેરવેશ (૩)
૨૧. ભપકો, રોફ (૩)
૨૩. ચાલ, ઝડપ (૨)
૨૪. અંકુશ (૩)
૨૬. સિંહ (૪)
૨૮. સરદાર, આગેવાન (૩)
૩૦. હેતુ, મુરાદ (૪)
૩૧. શોધ, તપાસ (૩)

ઊભી ચાવી
૧. દોલત (૨)
૨. આયનો, દર્પણ (૩)
૩. આંખની કીકી (૩)
૪. ઈશ્વર કૃપા (૪)
૫. ગાયન (૨)
૭. પ્રેમની લાગણી (૪)
૮. આપનાર (૨)
૧૦. અભિપ્રાય (૨)
૧૨. ખુશ, પ્રસન્ન (૩)
૧૩. જંગલ (૨)
૧૬. લાગ, પ્રસંગ (૨)
૧૭. કુમળું (૩)
૧૮. કાળજી (૨)
૨૦. શિક્ષા, રાજ્ય (૩)
૨૧. તિથિ, તારીખ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૩. હાથી (૨)
૨૫. ગાનારો, ગવૈયો (૩)
૨૬. વેચાણનું નાણું (૩)
૨૭. ઘોડાવાળો, શૂરવીર (૩)
૨૮. અવાજ (૨)
૨૯. પોશાક, શણગાર (૨)



૧૬૨૭ - ૭૬૬૧ ૫૬૬૬૬૬૬૬

આજનું પંચાંગ

તા. 01/07/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: વદ: એકમ: 07:39 પછી બીજ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 10
યોગ : ઐન્દ્ર **કરણ:** તૈતિલ
નક્ષત્ર : પૂ.ષા:- 06:52 પછી ઊ.ષા.
રાશિ : ધન (ભ,ધ,ફ,ઢ) 13:33 પછી મકર (ખ,જ)
દિવસ : શુભ- ગુરુ હરગોવિંદ સિંહ જયંતી- કાશમીર
સુરતમાં સૂર્યોદય : 06:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
નવકારસી : 06:50
પારસી વર્ષ : 1395 બહમન માસનો 21મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 15મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુકાળ: બપોરે:- 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): પ્રવાસમાં મિલન-મુલાકાતથી આનંદ થાય. હાથ પરના કામ પાર પડે. બૌદ્ધિક કાર્યમાં યશ મળે.
વૃષભ (બ,વ,ઉ,): કિમતી વસ્તુનું ધ્યાન રાખવું. વડીલોનો સાથ મળશે. આરોગ્ય નરમ રહે. કામનો બોજ વધશે. પ્રવાસ થાય.
મિથુન (ક,છ,ઘ,): દાંપત્ય જીવનમાં તાલમેળ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સામાજિક કાર્યમાં યશ મળે.
કર્ક (ડ,હ,): લેવદ-દેવડમાં સાવધાની રાખવી. સોંપેલા કામને સારી રીતે કરવાની કોશિશ કરવી. વિવાદથી દૂર રહેવું.
સિંહ (મ,ટ,): પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

વિદ્યાર્થીઓને મદદથી લાભ થાય. સંતાનોના કામમાં મદદ મળે.
કન્યા (પ,ઠ,ણ,): આજીવિકામાં નવા ફેરફારથી લાભ થાય. સમાજમાં માન વધે. નોકરીમાં નવી તક ઊભી થાય.
તુલા (ર,ત,): પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. કોઈ જોખમ ઉઠાવવું નહી.
વૃશ્ચિક (ન,ય,): વાણી પર કાબૂ રાખવો. મહેનતનું ફળ મળશે. ઉત્સાહજનક સમાચાર મળે. બૌદ્ધિક કામમાં સફળતા મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): કોઈની વાતોમાં આવીને રોકાણ કરવું નહી. નોકરીમાં નવી તક ઊભી થાય. જાત મહેનતથી સફળતા મળે.
મકર (ખ,જ,): કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. ખાવા-પીવામાં સાવધાની રાખવી પડશે.
કુંભ (ગ,સ,શ,ષ,): ઉઘરાણી આવે. નવા રોકાણથી લાભ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. ખર્ચા વધે.
મીન (દ,ચ,ઝ,થ,): વેપાર-ધંધામાં નવી યોજના પાર પડશે. જાહેર જીવનમાં યશ મળે. અચાનક સફળતા મળે.

કોઈ પણ સાલમાં 01 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવાં વેપાર-ધંધાનું આયોજન થાય. સમાજમાં માન વધે. નોકરી-ધંધામાં નવા ફેરફાર અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવાથી નવું શિખવા મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. નવાં ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતના સમયમાં પાર પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. કાયદાકીય ગૂચાનો નિકાલ થાય. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય નરમ-ગરમ રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિવાર, સોમવાર, 01,10,20 તારીખે નવા કામ કરવાં. સોનેરી- ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર- ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 07, 16, 25 તારીખે નવાં કામ ટાળવાં, શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવના ઉપાય કરતા રહેવું.

અનુસંધાન... પાના પહેલાનું

હવે વોટ્સએપમાં...

જેને ભવિષ્યમાં બદલી કે હટાવી પણ શકાશે. આ સુવિધા માટે વોટ્સએપનું લેટેસ્ટ વર્ઝન હોવું જરૂરી છે. એકાઉન્ટ શોધવાની મર્યાદા: પ્લેટફોર્મ પર યુઝરનેમની કોઈ જાહેર યાદી નહીં હોય. કોઈ પણ વ્યક્તિ તમને ત્યારે જ શોધી શકશે જ્યારે તેની પાસે તમારું બિલકુલ સાચું યુઝરનેમ હશે. યુઝરનેમ કી: સુરક્ષા માટે વોટ્સએપે 4 ડિજિટનો એક વિશિષ્ટ પિનકોડ રાખવાની સુવિધા આપી છે. આ કી ઓન રાખવાથી, સાચું યુઝરનેમ હોવા છતાં આ કોડ વગર કોઈ તમને મેસેજ નહીં કરી શકે. જોકે, આ કી ડિફોલ્ટ રીતે ઓફ રહેશે. નકલી એકાઉન્ટ પર રોક: વોટ્સએપ પર એકાઉન્ટ બનાવવા માટે ફોન નંબર લિંક કરવો હજુ પણ ફરજિયાત રહેશે.

સુપ્રીમ કોર્ટમાં...

સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે. એટર્ની જનરલે પણ જણાવ્યું કે ઓક્ટોબર ૨૦૨૫માં રાષ્ટ્રીય સપ્લાય કોન્ટ્રાક્ટ ફાઈનલ થઈ ગયા હોવાથી ટેન્ડરો ફરી ખોલવાથી કાનૂની વિવાદો વધી શકે છે. આના પર સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશ પર યથાવત સ્થિતિ જાળવવાનો હુકમ કર્યો છે. બીજી તરફ, એપ્રિલ ૨૦૨૩ના નિર્ધારિત ધોરણો પહેલાના જૂના વાહનોના માલિકોમાં ચિંતા છે કે ઈથેનોલથી વાહનની પાઈપો ખરાબ થઈ શકે છે અને માઈલેજ ઘટી શકે છે. જોકે, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યક્રમ વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત છે અને એન્જિન બગાડવાના કોઈ પુરાવા મળ્યા નથી. આર્થિક દૃષ્ટિએ આ યોજના મોટી સફળતા સાબિત થઈ છે, કારણ કે તેનાથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થતાં સરકારે અત્યાર સુધીમાં ૧.૪ લાખ કરોડ રૂપિયાથી વધુનું વિદેશી હૂંડિયામણ બચાવ્યું છે. સરકાર હાલ ૨૦ ટકાના લક્ષ્ય પર નજર રાખી રહી છે, પરંતુ વર્ષ ૨૦૩૦ સુધીમાં ઈથેનોલ મિશ્રણ વધારીને ૩૦ ટકા કરવાની યોજના યથાવત છે.

દેશમાં જુલાઈ...

અસર પડી. તટસ્થ IOD: હિંદ મહાસાગર દ્વિધ્રુવ (IOD)ની સ્થિતિ તટસ્થ હોવાથી તે અલ નીનોની નકારાત્મક અસરોને રોકી શકી નથી. હવામાન વિભાગે ઉમેર્યું કે આગામી 2-3 દિવસમાં ચોમાસું ગુજરાત, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી અને પંજાબના બાકીના ભાગોમાં આગળ વધવા માટે સ્થિતિ સાનુકૂળ છે. જોકે, તાપમાનની દ્રષ્ટિએ જુલાઈમાં પશ્ચિમ-મધ્ય ભારતના થોડા વિસ્તારોને બાદ કરતાં દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.

ક્યા વિસ્તારમાં...

વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે.
4થી જુલાઈ: આ દિવસે મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની (Extremely Heavy Rain) આશંકા સાથે 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે. આ ઉપરાંત નર્મદા, સુરત, તાપી અને નવસારીમાં 'ઓરેન્જ એલર્ટ' તેમજ છોટાઉદેપુર, વડોદરા, ભરૂચ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં 'યલો એલર્ટ' રહેશે. ઉત્તર ગુજરાત અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં મોટાભાગના સ્થળોએ મધ્યમ વરસાદ પડશે.
5મી જુલાઈ: આ દિવસે પણ આભ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ડાંગ, તાપી અને નર્મદા જિલ્લા માટે 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે છોટાઉદેપુર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, અમરેલી અને ભાવનગરમાં 'ઓરેન્જ એલર્ટ' રહેશે. પંચમહાલ, દાહોદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથમાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.
6ઠી અને 7મી જુલાઈ: ચોમાસાની તીવ્રતા યથાવત ર